**ક્રમાંક–પ**

**પત્રક ભાગ–૧**
**કાર્યવાહીની ટૂંકી નોંધ**
**પંદરમી ગુજરાત વિધાનસભા**
**ચોથું સત્ર**
**બુધવાર, તા. ૭મી ફેબ્રુઆરી, ૨૦૨૪**
**માનનીય અધ્યક્ષશ્રી શંકરભાઇ ચૌધરી અધ્યક્ષસ્થાને**
**સભાગૃહ બપોરના ૧૨–૦૦ વાગ્યે મળ્યું.**

**૧. પ્રશ્નોત્તરી**

બુધવાર, તા ૭મી ફેબ્રુઆરી, ૨૦૨૪ના રોજની તારાંકિત પ્રશ્નોત્તરીની યાદીમાંના પ્રશ્નો અગ્રતાક્રમ ૧, ૨, ૩, ૪, ૫, ૬, ૭, ૮, ૯ અને ૧૦ના મૌખિક જવાબો આપવામાં આવ્યા.

સમયના અભાવે પૂછી ન શકાયેલા પ્રશ્નો અગ્રતાક્રમ ૧૧થી ૭૬ને અતારાંકિત ગણવામાં આવ્યા.

પ્રશ્નોત્તરીનો સમય ૧–૦૦ કલાકે પૂરો થયો.

**૨. તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ–૧૧૬)**

**"ઓનીરો લાઇફ કેર" કંપનીમાં બ્લાસ્ટ અંગે**

સભ્યશ્રી અર્જુનભાઇ મોઢવાડિયાએ નિયમ–૧૧૬ અન્વયે "વડોદરાના પાદરામાં આવેલ ઓનીરો લાઇફ કેર કંપનીમાં પ્રચંડ બ્લાસ્ટ થતા અસરગ્રસ્તો અને કામદારોમાં ઔદ્યોગિક તાલીમ અને સલામતી સામે રોષ અને ભયની લાગણી પ્રસરી માટે સરકારે લીધેલાં કે લેવા ધારેલાં પગલાં." અંગેની તાકીદની જાહેર અગત્યની બાબત પર માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રીનું ધ્યાન દોર્યું.

ઉક્ત બાબતે શ્રમ અને રોજગાર મંત્રીશ્રી બલવંતસિંહ રાજપુતે તેમનું લેખિત નિવેદન રજૂ કર્યું અને તેમાંથી ઉપસ્થિત થયેલા પ્રશ્નોના જવાબો આપ્યા.

**૩. સભાગૃહના મેજ ઉપર મૂકાયેલ કાગળો**

નીચેના કાગળો તેની નીચે દર્શાવેલ મંત્રીશ્રીઓએ સભાગૃહના મેજ ઉપર મૂકયા.

**(૧)** ઇન્ડિયન ઓઇલ કોર્પોરેશન લિમિટેડનો સન ૨૦૨૨–૨૩નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ

**માનનીય ઉર્જામંત્રીશ્રી કનુભાઇ દેસાઇ**

**(૨)** નેશનલ હાઇ સ્પીડ રેલ કોર્પોરેશન લિમિટેડનો સન ૨૦૨૨–૨૩નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ કોર્પોરેશનની કામગીરી અંગેની સરકારની સમીક્ષા

**માનનીય માર્ગ અને મકાન વિભાગનો હવાલો ધરાવતા રાજ્યકક્ષાના મંત્રીશ્રી જગદીશ વિશ્વકર્મા**

**(૩)** ગુજરાત માર્ગ સલામતી સત્તામંડળનો સન ૨૦૨૨–૨૩નો વાર્ષિક વહીવટી અને ઓડિટ અહેવાલ

**માનનીય રાજ્યકક્ષાના વન અને પર્યાવારણ મંત્રીશ્રી મુકેશ પટેલ**

**(૪)** ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમના સન ૨૦૧૭–૧૮ તથા ૨૦૧૮–૧૯ના વાર્ષિક વહીવટી અહેવાલ તેમજ આ અહેવાલોને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેનાં કારણો દર્શાવતાં નિવેદન

**માનનીય રાજ્યકક્ષાના વન અને પર્યાવરણ મંત્રીશ્રી મુકેશ પટેલ**

**(૫)** ગુજરાત હાઉસિંગ બોર્ડના સન ૨૦૨૦–૨૧ના વાર્ષિક હિસાબો અને ઓડિટ અહેવાલ તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેનાં કારણો દર્શાવતું નિવેદન

**માનનીય શહેરી ગૃહનિર્માણ પ્રભાગનો હવાલો ધરાવતા મંત્રીશ્રી ઋષિકેશ પટેલ**

**૪. વિધાનસભાની સમિતિના અહેવાલની રજૂઆત**

બિન–સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના માનનીય પ્રમુખશ્રી હિરાભાઇ સોલંકીએ સમિતિનો પહેલો અહેવાલ અહેવાલ રજૂ કર્યો.

**૫. બિન સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના પ્રમુખશ્રીનો પ્રસ્તાવ**

બિન–સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના પ્રમુખશ્રી હીરાભાઇ સોલંકીએ પ્રસ્તાવ રજૂ કર્યો કે–

''આ સભાગૃહ બિન–સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના પહેલા અહેવાલ સાથે સંમત થાય.''

પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને તેનો વિના વિરોધે સ્વીકાર કરવામાં આવ્યો.

**૬. માનનીય રાજ્યકક્ષાના શિક્ષણ મંત્રીશ્રી પ્રફુલભાઇ પાનસેરીયાનો સંકલ્પ (નિયમ–૧૨૦)**

**૭. પોઈન્ટ ઓફ ઓર્ડર**

**સરકારી સંકલ્પની દાખલપાત્રતા અંગે**

માનનીય રાજ્યકક્ષાના શિક્ષણમંત્રીશ્રી પ્રફુલ પાનશેરિયા સરકારી સંકલ્પ રજૂ કરવા ઊભા થાય તે પહેલા કોંગ્રેસ પક્ષના નેતાશ્રી અમિત ચાવડા દ્વારા આજનો આ સરકારી સંકલ્પની અમલવારી રાજ્ય સરકાર દ્વારા જ કરવાની હોઈ આ ગૃહ મારફત અનુરોધ કરવો યોગ્ય ન હોવા અંગેનો પોઈન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો ઉપસ્થિત કરી માનનીય અધ્યક્ષશ્રીનું માર્ગદર્શન માગ્યું.

પ્રસ્તુત મુદ્દામાં સંસદીય બાબતોના મંત્રીશ્રી ઋષિકેશભાઇ પટેલે ગીતા જેવા મહાન ગ્રંથ અંગે ગૃહ થકી એક મેસેજ જાય અને લીધેલા નિર્ણયનો અસરકારક રીતે અમલ થાય તે ઉદ્દેશ છે એમ જણાવ્યું.

ત્યારબાદ સભ્યશ્રી શૈલેષ પરમાર અને સભ્યશ્રી અર્જુનભાઇ મોઢવાડિયા દ્વારા પોઈન્ટ ઓફ ઓર્ડર અંગે પોતાના મંતવ્યો વ્યક્ત કર્યા.

પ્રસ્તુત સરકારી સંકલ્પમાં જેની અમલવારી સંપૂર્ણ અસરકારક રીતે થાય તે શબ્દ ઉપર ભાર મૂકેલ હોવાનું અને દાખલપાત્રતા બાબતે માનનીય અધ્યક્ષશ્રીના નિર્ણયની ગૃહમાં રજૂઆત કરી શકાતી નથી તેમ જણાવી માનનીય અધ્યક્ષશ્રીએ પોઈન્ટ ઓફ ઓર્ડરનો અસ્વીકાર કર્યો.

**૮. માનનીય વૈદ્યાનિક અને સંસદીય બાબતોના રાજ્યકક્ષાના મંત્રીશ્રી પ્રફુલભાઇ પાનસેરીયાનો સંકલ્પ (નિયમ–૧૨૦)(ક્રમશઃ)**

માનનીય વૈદ્યાનિક અને સંસદીય બાબતોના રાજ્યકક્ષાના મંત્રીશ્રી પ્રફુલભાઇ પાનસેરિયાએ રાષ્ટ્રીય શિક્ષણ નીતિ–૨૦૨૦માં શિક્ષણ વ્યવસ્થા અને શૈક્ષણિક સંસ્થાઓને માર્ગદર્શિત કરવા બંધારણના માર્ગદર્શક સિદ્ધાંતોમાં તેનો સમાવેશ કરવામાં આવેલ છે, જેના કારણે રાજ્યની શાળાઓના વિદ્યાર્થીઓના રોજિંદા જીવન અને શાળાકીય અનુભવોમાં ભારતીય સંસ્કૃતિનું જોડાણ થાય તે માટે રાજ્ય સરકાર દ્વારા શાળાકીય શિક્ષણના ધોરણ–૬ થી ૧૨ ના અભ્યાસક્રમમાં "ગીતા સાર" નો સમાવેશ કરવા અંગેની અમલવારી સંપૂર્ણ અને અસરકારક રીતે થાય તે માટેનો સંકલ્પ રજૂ કર્યો અને તેના સમર્થનમાં પોતાનું મંતવ્ય રજૂ કર્યું.

ત્યારબાદ નીચેના સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) શ્રી ડી.કે. સ્વામી
(૨) શ્રીમતી રિવાબા જાડેજા
(૩) ડો. કિરીટકુમાર ચી. પટેલ
(૪) શ્રી જીતેન્દ્રભાઇ વાઘાણી
(૫) શ્રી નરેશભાઇ પટેલ(પ્રવચન અધૂરું)

( વિરામ બપોરના ૨–૩૧થી ૩–૦૦ )

વિરામ બાદ સભ્યશ્રી નરેશભાઇ પટેલે તેમનું અધૂરું રહેલ પ્રવચન પૂરું કર્યા બાદ નીચેના વધુ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૬) શ્રી કેયુર રોકડીયા
(૭) ડો. દર્શિતા શાહ
(૮) ડો. પ્રદ્યુમન વાજા
(૯) શ્રી ઉમેશભાઇ મકવાણા

ત્યારબાદ ચર્ચાનો જવાબ રાજ્ય કક્ષાના શિક્ષણમંત્રીશ્રી પ્રફુલભાઇ પાનસેરીયાએ આપ્યો.

**ત્યારબાદ સંકલ્પ મત માટે મૂકવામાં આવ્યો અને તેનો વિનાવિરોધે સ્વીકાર કરવામાં આવ્યો.**

**૯. પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ)**

પૂરક માગણીઓ રજૂ કરવાના તબક્કે માનનીય નાણાં મંત્રીશ્રી કનુભાઇ દેસાઇએ સન ૨૦૨૩–૨૪ના વર્ષ માટેની પૂરક માગણીઓની વિચારણા કરવા માટે સંવિધાનના અનુચ્છેદ ૨૦૩(૩)ની સાથે વાંચતા અનુચ્છેદ ૨૦૫ અન્વયેની માનનીય રાજ્યપાલશ્રીએ વિધાનસભાને કરેલી સિફારસ વાંચી સંભળાવી.

ત્યારબાદ માનનીય નાણાં મંત્રીશ્રી કનુભાઇ દેસાઇએ, કુદરતી આફતો અંગે રાહતને લગતી સેવા અંગેની મહેસૂલ વિભાગની મહેસૂલ ખર્ચ માટેની પૂરક માગણી ક્રમાંક–૭૯, શહેરી વિકાસને લગતી સેવા અંગેની શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગની મહેસૂલ અને મૂડી ખર્ચ માટેની પૂરક માગણી ક્રમાંક–૧૦૨, સહકારને લગતી સેવા અંગેની કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગની મહેસૂલ અને મૂડી ખર્ચ માટેની પૂરક માગણી ક્રમાંક–૫, તબીબી અને જાહેર આરોગ્યને લગતી સેવા અંગેની આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગની મહેસૂલ અને મૂડી ખર્ચ માટેની પૂરક માગણી ક્રમાંક–૩૯ તથા ઉદ્યોગોને લગતી સેવા અંગેની ઉદ્યોગ અને ખાણ વિભાગની મહેસૂલ ખર્ચ માટેની પૂરક માગણી ક્રમાંક–૪૯ રજૂ કરી.

પૂરક માગણીઓ જેમ જેમ રજૂ થતી ગઇ તેમ તેમ પૂરક માગણી ક્રમાંક–૭૯ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક–૧, ૨, અને ૩, પૂરક માગણી ક્રમાંક–૧૦૨ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક– ૪, ૫, ૭ અને ૮, પૂરક માગણી ક્રમાંક–૫ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક–૯ અને ૧૦, પૂરક માગણી ક્રમાંક–૩૯ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક–૧૨ અને ૧૩ તથા પૂરક માગણી ક્રમાંક–૪૯ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક–૧૫ સંબંધિત

સભ્યશ્રીઓએ રજૂ કરી.

પૂરક માગણીઓ ઉપરની ચર્ચા શરૂ થવાના તબક્કે માનનીય અધ્યક્ષશ્રીએ પૂરક માગણીઓ પરની ચર્ચાની મર્યાદા અંગે ગૃહને માર્ગદર્શન આપ્યું.

ત્યારબાદ રજૂ થયેલી પૂરક માગણીઓ અને તેના પર રજૂ થયેલી કાપ દરખાસ્તો પર ભેગી ચર્ચા શરૂ થઇ.

ત્યારબાદ નીચેના સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

| | |
|---|---|
| (૧) શ્રી શૈલેષ પરમાર | (૯) શ્રી સંજય કોરડિયા |
| (૨) શ્રી બાબુભાઇ પટેલ | (૧૦) શ્રી વિપુલકુમાર પટેલ |
| (૩) શ્રીમતી સંગીતાબેન પાટીલ | (૧૧) શ્રી વિનોદભાઇ મોરડીયા |
| (૪) શ્રી અમીત ચાવડા( કોંગ્રેસ પક્ષના નેતાશ્રી) | (૧૨) શ્રી પ્રવિણભાઇ ઘોઘારી |
| (૫) શ્રી અમીત ઠાકર | (૧૩) શ્રી માનસિંહ ચૌહાણ |
| (૬) શ્રી મહેશ કસવાલા | (૧૪) શ્રી ચૈતન્ય દેસાઇ |
| (૭) શ્રી ઉમેશભાઇ મકવાણા | (૧૫) શ્રી સુખાજી ઠાકોર |
| (૮) શ્રી અર્જુનસિંહ ચૌહાણ | (૧૬) ડો. પાયલ કુકરાની |

( વિરામ સાંજના ૫–૧૪થી ૫–૪૫ )

વિરામ બાદ નીચેના વધુ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

| | |
|---|---|
| (૧૭) શ્રી અરવિંદ રાણા | (૨૨) શ્રી ચૈતન્યસિંહ ઝાલા |
| (૧૮) શ્રી સરદારભાઇ ચૌધરી | (૨૩) શ્રી ભરતભાઇ પટેલ |
| (૧૯) શ્રી કાળુભાઇ ડાભી | (૨૪) શ્રી શિવાભાઇ ગોહીલ |
| (૨૦) શ્રી દિનેશસિંહ કુશવાહ | (૨૫) ડો. દર્શિતા શાહ |
| (૨૧) શ્રી રાજેન્દ્રસિંહ રાઠવા | (૨૬) શ્રી કલ્પેશભાઇ પરમાર |

ત્યારબાદ ચર્ચાનો જવાબ માનનીય નાણાં મંત્રીશ્રી કનુભાઇ દેસાઇએ આપ્યો.

ત્યારબાદ પૂરક માગણીઓ ઉપર રજૂ થયેલ કાપ દરખાસ્ત ક્રમાંક–૧, ૨, ૩, ૪, ૫, ૭, ૮, ૯, ૧૦, ૧૨, ૧૩ અને ૧૫ મત ઉપર મૂકવામાં આવી અને તેનો અસ્વીકાર કરવામાં આવ્યો.

ત્યારબાદ પૂરક માગણી ક્રમાંક ૭૯, ૧૦૨, ૫, ૩૯ અને ૪૯ મત ઉપર મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

**સભાગૃહ, ગુરુવાર તા. ૮મી ફેબ્રુઆરી, ૨૦૨૪ના રોજ સવારના ૧૦–૦૦ વાગ્યે**
**ફરી મળવા માટે સાંજના ૬–૫૦ વાગ્યે મુલતવી રહ્યું.**

| | |
|---|---|
| ગુજરાત વિધાનસભા સચિવાલય, | ડી.એમ.પટેલ |
| ગાંધીનગર. | સચિવ, |
| તા. ૭મી ફેબ્રુઆરી, ૨૦૨૪ | ગુજરાત વિધાનસભા. |